૩ વર્ષ પહેલા જેસીબીની લૂંટ ચલાવનાર શખ્સ ઝડપાયો

ડ્રાઈવરને બાંધીને માર મારી અડાલજમાં લૂંટ ચલાવાઈ હતી

ગાંધીનગર, તા. ૭

ત્રણ વર્ષ અગાઉ ગાંધીનગર નજીકના અડાલજ વિસ્તારમાંથી ડ્રાઈવરને બાંધી દઈ જેસીબીની લૂંટ ચલાવી ફરાર થઈ ગયેલો ઝાલોદ વિસ્તારનો લુંટારૂ શખ્સ ત્રણ વર્ષની વોન્ટેડ હતો જેને ગઈકાલે અડાલજ પોલીસે ધરપકડ કરી લીધી છે. અડાલજ પોલીસે લુંટારૂ શખ્સની સઘન પુછપરછ આરંભી છે.

વર્ષ-૨૦૧૦ના જાન્યુઆરી માસમાં અડાલજ ખાતે લુંટનો કિસ્સો બનવા પામ્યો હતો. જેમાં જે.સી.બી.ના ડ્રાઈવરને બાંધીને માર મારી જેસીબી લુંટી લેવામાં આવ્યું હતું. આ ગુના મુખ્ય સુત્રધાર ઝાલોદનો હોવાનું બહાર આવ્યું હતું. ત્રણ વર્ષથી પોલીસની નજરોથી નાસતો ફરતો લુંટારૂ શખ્સ કનુ રમલા ઝાલોદ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. અડાલજ પોલીસ સ્ટેશનનો વોન્ટેડ આરોપી હોવાનું ઝાલોદ પોલીસને ધ્યાને આવતા કનુ રમલાને અડાલજ પોલીસને સોંપવામાં આવ્યો છે. જે.સી.બી.ની લુંટ ચલાવનાર ત્રણ વર્ષથી વોન્ટેડ એવા ઝાલોદના કનુ રમલાની અડાલજ પોલીસે ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરી દીધી છે. અન્ય કોઈ ગુનામાં તેની સંડોવણી છે કે કેમ તેની તપાસ પણ શરૂ કરવામાં આવી છે.

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર-મહુડી રોડ પરથી પસાર થઈ રહેલી સ્કુલ વાન પેથાપુર ચોકડી પાસે અચાનક પલ્ટી ખાઈ જવા પામી હતી. સદ્‌ભાગ્યે આ અકસ્માતમાં કોઈ વિદ્યાર્થી કે ડ્રાઈવરને વધુ ઈજાઓ થવા પામી ન હતી.

રાજ્યકક્ષાની ઊંચી કૂદ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવતો અક્ષય ચૌધરી

ગાંધીનગર, તા. ૭

સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં તાજેતરમાં રાજ્યકક્ષાની અન્ડર-૧૬, પાયકા-એથ્લેટિક્સ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સ્વામીનારાયણ હાઈસ્કૂલ, બાલવાના વિદ્યાર્થી અક્ષય બળદેવભાઈ ચૌધરીએ ઊંચીકૂદમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં પસંદગી મેળવી છે.

સ્વામીનારાયણ હાઈસ્કૂલ, બાલવાના અક્ષય ચૌધરીએ તાજેતરમાં રાજ્યકક્ષાની ઊંચીકૂદ સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. અને આગામી સમયમાં તે નેશનલ કક્ષાએ રમવા માટે જશે. ગાંધીનગર જિલ્લાનું અને બાલવા ગામનું ગૌરવ વધારનાર વિદ્યાર્થી અક્ષય ચૌધરી તથા માર્ગદર્શક શૈલેષકુમાર પટેલને શાળાના આચાર્ય અર્જૂનસિંહ પરમાર અને શાળાના પ્રમુખ તથા ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવ્યા છે.

આંતર વિભાગીય લીગ મેચમાં સામાન્ય વહીવટ વિભાગનો વિજય

ગાંધીનગર, તા. ૭

સચિવાલય સામાન્ય વહીવટ વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગ વચ્ચેની લીગ મેચ આજે સચિવાલય જીમખાના સેક્ટર-૨૧ના મેદાન પર યોજાઈ હતી. જેમાં સામાન્ય વહીવટ વિભાગની ટીમનો ૯૬ રને ભવ્ય વિજય થયો હતો.

સામાન્ય વહીવટ વિભાગે પ્રથમ દાવ લઈ ૩૦ઓવરમાં ૧૬૩ રન ફટકાર્યા હતા. જેમાં દિનેશ તળાવીયાએ ૩૩, શૈલેષ પટેલે ૨૧ અને મીલન કમારીયાએ ૨૦ રન નોંધાવ્યા હતા.

જ્યારે આદિજાતિ વિકાસ વિભાગ તરફથી નરેન્દ્ર વાઘેલા અને એસ.વી. મકવાણાએ ૨-૨ વિકેટ ઝડપી હતી. બીજા દાવમાં આદિજાતિ વિકાસ વિભાગની ટીમ ૬૭ રનમાં ઓલ આઉટ થઈ હતી. આદિજાતિ વિકાસ વિભાગ તરફથી આશિષ ભોંસલેએ ૪૦ રન કર્યા હતા. અંતે શૈલેષ પટેલે ૬ વિકેટ ઝડપી મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા. તેમ મેનેજર જીતેન જોષીએ જણાવ્યું હતું.

એમ.બી. પટેલ કન્યા શાળાનો પ્રવાસ સંપન્ન

ગાંધીનગર, તા.૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં તાજેતરમાં ધોરણ ૪ થી ૫ અને ધોરણ ૭ થી ૮ના વિદ્યાર્થીઓ માટે બે અલગ અલગ રૂટનો પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

શાળાના ધોરણ ૪ અને ૫ ના ૧૭૭ વિદ્યાર્થીઓનો ઈડર, વિરેશ્વર, સારણેશ્વર ડેમ, પોળોના જંગલો તથા સાબર ડેરીની મુલાકાત લેતો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. સમગ્ર પ્રવાસનું આયોજન શાળાના શિક્ષક ગિરીશભાઈ પટેલ અને હસમુખભાઈ પટેલે કર્યું હતું. ધોરણ ૭ અને ૮ની ૧૭૭ વિદ્યાર્થીનીઓએ સાપુતારા, ઝાડેશ્વર, તીથલ, સુરપાણેશ્વર, કેવડિયા કોલોની, આણંદની અમૂલ ડેરીની મુલાકાત લીધી હતી. પ્રવાસનું આયોજન શાળાના શિક્ષક ચંદ્રકાન્તભાઈ પટેલે કર્યું હતું. પ્રવાસનો હેતુ જ્ઞાન સાથે ગમ્મત અને શૈક્ષણિક હેતુ સુખમય પાર પડયો હતો. પ્રવાસનું માર્ગદર્શન શાળાના આચાર્યા નીરુબેન પટેલે આપ્યું હતું.

આર. એન. પટેલ પ્રાથમિક શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન. પટેલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં કચ્છ-ભૂજ અને સરદાર સરોવર, આણંદ-અમૂલ ડેરીના બે રૂટનો અલગ અલગ શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

શાળાના ધોરણ-૭ના ૫૪ વિદ્યાર્થીઓનો સરદાર સરોવર અને આણંદની અમૂલ ડેરીની મુલાકાત લેતો એક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ સરદાર સરોવર-નર્મદા યોજના વિશે તથા અમૂલ ડેરીની વિશેષ તથા સઘન માહિતી મેળવી હતી. શાળાના ધોરણ-૭ અને ૮ના ૧૦૮ વિદ્યાર્થીઓનો ગાંધીનગરથી કચ્છ અને ભૂજનો પણ પ્રવાસ યોજવામાં આવ્યો હતો. આ શૈક્ષણિક પ્રવાસમાં વિદ્યાર્થીઓએ મુંદ્રા પોર્ટ, વિજય વિલાસ પેલેસ, માંડવી બીચ, આયના મહેલ, જેસલ તોરલની સમાધિ, સ્વામીનારાયણ મંદિર વગેરેની મુલાકાત લીધી હતી. પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ દરેક સ્થળ વિશે વિશેષ માહિતી મેળવી હતી અને પ્રવાસની મજા માણી હતી.

વિવેકાનંદ સંસ્કાર તપોવનનો નવ દિવસનો પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૧૭માં આવેલી વિવેકાનંદ સંસ્કાર તપોવન શાળાના વિદ્યાર્થીઓનો તાજેતરમાં દિવસનો પ્રવાસ સુખદ રીતે સંપન્ન થયો હતો. વિવેકાનંદ સંસ્કાર તપોવનમાંથી વિદ્યાર્થીઓને શ્રીનાથજી, અજમેર, દિલ્હી, અક્ષરધામ, રાષ્ટ્રપતિ ભવન, સંસદભવન, રાજઘાટ તેમજ અન્ય સાઈડસીન, વૈષ્ણવદેવી મંદિર, અમૃતસર, સુવર્ણમંદિર, જલિયાવાલા બાગ, કુરુક્ષેત્ર, બ્રહ્મસરોવર, રણુજા, જેસલમેર અને સમરણ જેવા ઐતિહાસિક અને ભૌગોલિક તથા સાસંકૃતિક મહત્વ ધરાવતા સ્થળોની મુલાકાત લેવડાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ધાર્મિક સ્થળો અને ઐતિહાસિક સ્થળોને મનભર માણ્યા હતા તથા તેનું વિશેષ મહત્વ સમજી અગત્યની માહિતી મેળવી હતી.

બારાક્ષરી માર્ગો પર બી.આર. ટી. એસ. સરક્યુલર દોડાવવા માંગ

પર્યાપ્ત બસ વ્યવસ્થાના અભાવે નગરજનોએ ખાનગી વાહનો પર આધારિત રહેવું પડે છે

ગાંધીનગર, તા. ૭

શહેરના માર્ગો પર બેફામ દોડતી જીપો તેમજ અન્ય ખાનગી વાહનોનો ધમધમાટ જોવા મળે છે. શહેરીજનોને પર્યાપ્ત બસ સેવા ઉપલબ્ધ થતી નથી. ત્યારે અમદાવાદની જેમ શહેરના બારાક્ષરી માર્ગો પર બી.આર.ટી.એસ. બસ સરક્યુલર દોડાવવાની માંગ પ્રબળ બની છે.

શહેરી વસાહત મહાસંઘના મહામંત્રી આર. કે. જાનીએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર શહેરની વસતીમાં નોંધપાત્ર વધારો થયો છે. બીજી તરફ વાહન વ્યવહારની વ્યવસ્થા પર્યાપ્ત ન હોવાથી નાગરિકોએ શટલીયા જીપ અને રીક્ષા પર આધારિત રહેવું પડે છે. બેફામ દોડતા ખાનગી વાહનોમાં નગરજનોએ જોખમી મુસાફરી કરવી પડે છે. આવા સંજોગોમાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ પણ વધ્યું છે. અમદાવાદ શહેરના બી.આર.ટી.એસ. રૂટની બસ વ્યવસ્થાની જેમ નગરના બારાક્ષરી માર્ગો પર દરેક સેક્ટરોને સાંકળી સરક્યુલર બસ દોડાવવાથી નગરજનોને સમયસર યોગ્ય વાહન વ્યવસ્થા ઉપલબ્ધ થશે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે હાલ પોઈન્ટની ૧૮૨ બસ દોડાવાય છે.

જેમાં ઘટાડો કરી જિલ્લા તરફની અવરજવર માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવી જોઈએ. વધુમાં પવિત્ર યાત્રાધામોના સ્થળોને અનુલક્ષીને પણ યોગ્ય બસ સુવિધા ગોઠવવાનું આયોજન કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. નાગરિકોને પર્યાપ્ત બસસેવા માટે અમદાવાદ શહેર પર આધારિત રહેવુ ન પડે તે મુજબ આયોજન કરવા રજુઆતમાં જણાવ્યું છે.

ગાંધીનગરમાં સૌરાષ્ટ્ર-કચ્છ મિત્ર મંડળ નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે

ગાંધીનગર, તા.૭

વિધાનસભાની આગામી ચૂંટણીમાં ગાંધીનગર મતવિસ્તારમાં સૌરાષ્ટ્ર-કચ્છ મિત્ર મંડળના ૬૬,૦૦૦ મતદારો ચૂંટણી ઉમેદવારના વિજયનો તખ્તો બદલી શકે તેમ છે એમ સૌરાષ્ટ્ર-કચ્છ મિત્ર મંડળ, ગાંધીનગરના પ્રમુખ જીલુભા ધાધલે એક યાદીમાં જણાવ્યું છે.

ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં કુલ ૨ લાખથી વધુ મતદારોમાં ૬૬૦૦૦થી વધુ મતદારો સૌરાષ્ટ્ર કચ્છની દરેક જ્ઞાતિના વસે છે. સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા પોતાની પ્રવૃત્તિઓ દ્વારા આગવું પ્રભુત્વ ધરાવે છે. બે લાખથી વધુ મતદારો ગાંધીનગરમાં વસતા હોવા છતાં સૌરાષ્ટ્ર કચ્છના ૬૬૦૦૦ મતદારોમાંથી એક પણ વ્યકિત સંગઠનમાં નથી કે મહાનગરપાલિકાની ૩૩ ટિકિટમાંથી ૧ ટિકિટ પણ તેને ફાળવેલી નથી. ત્યારે આગામી ચૂંટણીમાં આ મતદારો નિર્ણાયક ભૂમિકા અદા કરી શકે તેમ હોવાનું સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળના પ્રમુખે જણાવ્યું છે.

દિવાળી અને નવું વર્ષ હાથવેંતમાં છે ત્યારે ગ્રીટીંગ્સ કાર્ડ્સ મોટા પાયે બજારમાં દેખાઈ રહ્યાં છે. નગરનાં કલાકાર ઉમાબાએ પોતે તૈયાર કરેલાં કાર્ડ્સ વેચાણમાં મૂક્યાં છે. (તસવીર : દિપક જાની)

સે-૨૮ સરકારી વસાહતમાં દુવિધાઓનુ દબંગ : રહીશો ત્રસ્ત

ઝૂંપડા વસાહતમાં પાંગરતા દૂષણો : ઝાડી-ઝાંખરા વધતા જીવજંતુઓનો ત્રાસ

ગાંધીનગર, તા.૭

સે-૨૮માં સ્થિત સરકારી વસાહતમાં છેલ્લા ઘણાં સમયથી ઉગી નિકળેલા ઝાડી-ઝાંખરાની યોગ્ય સફાઈ ન થતા રહીશોને ઝેરી જીવ જંતુઓનો ભય સતાવી રહ્યો છે. સેકટરમાં વધતી ઝૂંપડપટ્ટીના લીધે પણ અનેક દુષણો પાંગર્યા હોવાથી વસાહતીઓમાં ઉગ્ર રોષ ભભૂક્યો છે.

સે-૨૮માં અંદાજિત ૧૫૦૦ જેટલા સરકારી મકાનો સ્થિત છે. આમ છતાં સફાઈ કામગીરીના નામે મીંડુ છે. બીજી તરફ ચોમાસા બાદ રહેણાંક વિસ્તાર આસપાસ ઉગી નિકળેલા ઝાડી ઝાંખરા પણ દૂર ન થતા વારંવાર ઝેરી જીવજંતુઓ દેખા દેતા સ્થાનિક રહીશોમાં ભયની લાગણી પ્રવર્તી છે. થોડા સમય અગાઉ જ તંત્ર દ્વારા સેકટરમાં સ્થિત માતાજીની દેરી તોડી પાડવામાં આવી હતી. જેના પરિણામે સ્થાનિક રહીશોની ધાર્મિક લાગણી દુભાઈ હતી. આવા સંજોગોમાં સેકટરમાં દિનપ્રતિદિન વધતા ઝૂંપડાઓ સામે તંત્ર દુર્લક્ષ્ય સેવી રહ્યું છે. વધતા ઝૂંપડાઓમાં બિન્દાસ્ત રીતે દેશી દારૂની કોથળીઓ વેચાતી હોવાનું પણ વસાહત મહાસંઘે જણાવ્યું છે. જાળવણીના અભાવે બિસ્માર બનેલા સરકારી આવાસોની આસપાસ પણ ગંદકીયુકત વાતાવરણ વચ્ચે અસામાજીક તત્વોનો વસવાટ કાયમ થતા સ્થાનિકરહીશો માટે મુંઝવણભરી સ્થિતિનું નિર્માણ થયું છે. સેકટરમાં સ્થિત લગ્નવાડી અને બગીચાના લીધે ભારે વાહનો આડેધડ પાર્ક થતા ટ્રાફિકની સમસ્યા પણ ઉદભવે છે. સેકટરવાસીઓએ કેટેગરીના મકાન ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવા પણ રજૂઆત કરી છે.

પેથાપુરમાં લાયસન્સ વગર ધમધમતા ગેસ્ટ હાઉસમાં દરોડો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીકપેથાપુર ગામમાં સ્થિત નટરાજ ગેસ્ટ હાઉસમાં મુલાકાતીઓ કે ગ્રાહકોના પુરાવા ન રાખી રેકર્ડની નિભાવણી કરવામાં ન આવતી હોવાની બાતમીને આધારે ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે દરોડો પાડી આકસ્મિક ચેકીંગ કર્યુંહતું. રજીસ્ટરની નિભાવણી ઉપરાંત ગેસ્ટ હાઉસનું લાયસન્સ પણ ન હોવાનુંબહાર આવતાં ગેસ્ટહાઉસના માલિક વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાંઆવ્યોછે.

જિલ્લાના તમામ હોટલ ગેસ્ટહાઉસના સંચાલકોએ દરેક ગ્રાહકોના ઓળખ-પુરાવા સહીતનાં આધાર લઈ રજીસ્ટરની નિયમિત જાળવણી કરવી જિલ્લા કલેકટરે જાહેરનામું પ્રસિધ્ધ કરીને ફરજીયાત બનાવીછે ત્યારેપેથાપુરમાંસ્થિત નટરાજ ગેસ્ટ હાઉસમાં રજીસ્ટર નિભાવણી કરવામાં ન આવતી હોવાની બાતમી ગાંધીનગર એસ. ઓ. જી.ને મળતા એસ. ઓ. જી. પી.આઈ. ભરત પટેલની સુચનાથી હે.કો. ગૌતમભાઈ સહીતની ટીમે દરોડો પાડી ચેકીંગ કર્યું હતું. રજીસ્ટર નિભાવવામાં આવતું ન હોવાનું ધ્યાને આવ્યા ઉપરાંત આ ગેસ્ટ હાઉસ લાયસન્સ વગર જ ધમધમી રહ્યું હોવાનું બહાર આવ્યું છે. એસ.ઓ.જી.ની ટીમે ગેસ્ટ હાઉસ સંચાલક વિરૂધ્ધ પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

બ્રહ્મસમાજ દ્વારા ૧૧મીએ સમૂહ શ્રી યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં સૌ પ્રથમવાર બ્રહ્મ સમાજના સહયોગથી તા. ૧૧મી નવેમ્બર-૨૦૧૨ના ધનતેરસના દિવસે બ્રહ્મ સમાજ ભવન સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે સવારે ૯ થી ૧૧.૩૦ અને રાત્રે ૮ થી ૧૦.૩૦ કલાક દરમિયાન સમૂહ શ્રી યજ્ઞ સંપન્ન થશે. શ્રી યજ્ઞ બાદ દરેક યજમાનને સેવનના લાકડાનું પ્રતિષ્ઠિત કરેલ શ્રીયંત્ર ભેટ આપવામાં આવશે. બ્રહ્મસમાજના સહયોગથી યોજાનાર સમૂહ યજ્ઞમાં ભાગ લેવા માંગતા સજજનોએ આયોજકોનો મો. નં. ૯૭૧૪૦ ૦૦૬૬૯, અથવા મો. નં. ૯૯૨૫૦ ૭૯૭૦૭ ઉપર સંપર્ક કરવો.

જે.એમ. ચૌધરી પ્રાથમિક શાળામાં રંગોળી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૭માં આવેલી જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક શાળામાં તાજેતરમાં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ધોરણ-૫ થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સુંદર રંગોળી સજાવી હતી.

રંગોળી સ્પર્ધામાં ધોરણ-૫ થી ધોરણ-૮ના બાવન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધોહતો.જેમાં ધો. ૫ અને ૬ માંથી તૃષા પટેલનો પ્રથમ, સિદ્ધાર્થ વાઘમશી દ્વિતીય અને મેઘલ ચાવડાનો તૃતીય નંબર આવ્યો હતો. જ્યારે ધોરણ ૭ થી ૮ માંથી જીનલ ગજ્જરનો પ્રથમ, પાયલ ઠાકોરનો દ્વિતીય અને ધારા ભાવસારનો તૃતીય નંબર આવ્યો હતો. વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

આદીશ્વર શ્વેતાબંર મૂર્તિપૂજક જૈન સંઘ જ્ઞાન પંચમી ઉજવશે

ગાંધીનગર, તા.૭

શ્રી આદીશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ સેકટર-૩-ડી, ગાંધીનગર દ્વારા તા. ૧૮મી નવેમ્બર ૨૦૧૨ના રોજ જ્ઞાન પંચમી-લાભ પાંચમ નિમિત્તે શી સંઘના નૂતન ઉપાશ્રય ખાતે સુંદર અને ભવ્ય જ્ઞાનની સજાવટ કરવામાં આવશે. જ્ઞાન દર્શન માટે ધાર્મિક પુસ્તકો, પ્રભુજીના ફોટા અને સંયમના ઉપકરણોથી પાનની ઓરડીની સજાવટ કરવામાં આવશે. જ્ઞાન પંચમી પ્રસંગે સવારે ૮.૩૦ થી ૪.૩૦ કલાક દરમિયાન જ્ઞાન દર્શન, ૨ થી ૪ કલાક દરમિયાન દેવ વંદન અને સાંજે ૭ કલાકે પ્રતિક્રમણનો કાર્યક્રમ યોજવામાં આવશે. જેનો સૌ આરાધકો લાભ લઈ શકશે.

સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓની ફિલ્ડ ટ્રીપ યોજાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના ઈન્દ્રોડા ગામે આવેલી સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકોની તાજેતરમાં ફિલ્ડ ટ્રીપ યોજાઈ હતી.

વિદ્યાર્થીઓના બૌદ્ધિક વિકાસ, શૈક્ષણિક હેતુ માટે તથા સામાજિક જ્ઞાન માટે શાળાના શિક્ષકોદ્વારા વિદ્યાર્થીઓને ભાસ્કરાચાર્ય સંસ્થાન, પોસ્ટ ઓફિસ, રેલવે સ્ટેશન, સરકારી પ્રેસ, પોલિસ સ્ટેશન, બેન્ક, વચ ચેતના કેન્દ્ર, પુસ્તકાલય નિસર્ગ સાયન્સ સેન્ટર તથા બગીચાઓની મુલાકાત લેવડાવવામાં આવી હતી. બાળકોને તથા શિક્ષકોને બધી જ જગ્યાએથી સારું માર્ગદર્શન મળ્યું હતું. જ્ઞાન સાથે ગમ્મત મેળવતા વિદ્યાર્થીઓએ દરેક સ્થળને મનભરીને માણ્યું હતું.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૫
સૂર્યાસ્ત : ૬.૦૪

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૩૬ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫.૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
સ્કાયફોલ (હિન્દી) : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ચક્રવ્યૂહ : ૧૧.૧૫
ઓહ! માય ગોડ : ૨.૦૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૪.૩૦
અજબ ગજબ લવ : ૭.૧૫
લવ સવ તેય ચીકન ખુરાના : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
લવ સવ તેય ચીકન ખુરાના : ૧૦.૦૦, ૩.૦૦, ૭.૧૫
અતા પતા લાપતા : ૧૨.૩૦
સન ઓફ રામ : ૫.૩૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૯.૪૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
સ્કાયફોલ : ૮.૧૫, ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
સ્કાયફોલ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૯.૦૦, ૨.૦૦, ૭.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૧.૧૫
લવ સવ તેય ચીકન ખુરાના : ૪.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
લવ સવ તેય ચીકન ખુરાના : ૯.૦૦, ૧૧.૩૦, ૭.૩૦
ઓહ માય ગોડ : ૨.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૪.૪૫
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હું આવીશ સાજન તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સ્કાયફોલ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ચક્રવ્યૂહ : ૧૦.૪૫, ૪.૩૦, ૧૦.૦૦
અજબ ગજબ લવ : ૨.૦૦
રશ : ૭.૩૦

સિરાગ, કલોલ

હું આવીશ સાજન તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દેઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે.

કર્ક : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

સિંહ : આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

તુલા : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

મીન : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

ચિરવિદાય

- સ્વ. મંજુલાબેન વિષ્ણુપ્રસાદ દવે (ઉ. વ. ૬૦) ૪૯, પાર્થ સોસાયટી, મુ.પો.પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રસિકભાઈ વિઠ્ઠલદાસ પટેલ(ઉ. વ.૫૧) મુ.પો. સોનીપુરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.મહેશભાઈ ચુંથાભાઈ દંતાણી(ઉ. વ. ૩૦) મુ.પો. આદિવાડા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રવિણચંદ્ર ભાઈશંકર જોશી(ઉ. વ. ૭૨) પ્લોટ નં. ૩૮૭, પ્રમુખ દર્શન, સેકટર-૨૨, ગાંધીનગર.